ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર

મોસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો : તીવ્ર ઠંડીની જનજીવન પર ભારે અસર

સૌથી વધુ ઠંડી કયા શહેરોમાં

શહેર	લઘુત્તમ તાપમાન
ગાંધીનગર	૧૦.૨
અમરેલી	૧૦.૫
નલિયા	૧૦.૮
વલસાડ	૧૦.૯
દીવ	૧૧.૬
અમદાવાદ	૧૧.૯
ડીસા	૧૨.૦
મહુવા	૧૨.૭

ગાંધીનગર, તા. ૧૩

શુક્રવારનો દિવસ ગાંધીનગર માટે મોસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો અને ૧૦.૨ ડિ.સે. ઠંડી સાથે રાજ્યમાં પ્રથમ પણ, ગાંધીનગરમાં શુક્રવારે લઘુત્તમ ૧૦.૨ ડિ.સે. સુધી ગગડી જતા ગાંધીનગરાઓ ઠંડીમાં રીતસર ઠુંઠવાયા હતા. તીવ્ર ઠંડીના કારણે શહેરના માર્ગો સુમસામ થઈ ગયા હતા અને આકરી ઠંડીની અસર જનજીવન પર પણ જોવા મળી હતી.

ઠંડી હવે જામી રહી હોય તેવું લાગી રહ્યું છે. લઘુત્તમ ઘણા દિવસોથી ૧૨ થી ૧૪ ડિગ્રીની આસપાસ ફરી રહ્યું હતું. જ્યારે મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી જેટલું ઉંચુ રહેતા બપોરે તો ગરમીનો અનુભવ થતો હતો. હવામાન વિભાગે બે દિવસ અગાઉ જ આગાહી કરી હતી કે ગુજરાતમાં ઠંડી વધશે. અપેક્ષા અને આગાહી અનુસાર જ ગુરૂવારથી જ વાતાવરણમાં ફેરફાર થવા લાગ્યો હતો. તાપમાન ઘટવા લાગ્યું હતું. સાંજથી જ વસાહતીઓ ઘરમાં પુરાઈ ગયા હતા. રસ્તાઓ પરની અવરજવર પણ ઘટી ગઈ હતી. રાત્રે લઘુત્તમ તાપમાન ૧૦.૨ ડિ.સે. જેટલું ઘટી જતા ઠંડીનો ચમકારો સૌએ અનુભવ્યો હતો. રાત્રે ઘટેલા લઘુત્તમ તાપમાનના કારણે દિવસ દરમ્યાન પણ વાતાવરણમાં ઠંડક છવાયેલી રહી હતી. મહત્તમ તાપમાન ૩૦.૬ નોંધાયું હતું. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૮૪ ટકા અને સાંજે ૪૨ ટકા જેટલું રહ્યું હતું.

હવામાન વિભાગે આગાહી કરી છે કે ડિસેમ્બર મહિનો જેમ જેમ આગળ વધશે તેમ તેમ લઘુત્તમ અને મહત્તમ તાપમાન નીચે જશે. તાપમાન ઘટતા વસાહતીઓ હવે આખો દિવસ ગરમ વસ્ત્રોમાં સજ્જ જોવા મળે છે. સાંજ પડતા જ સૌ કોઈ ઘરમાં પુરાઈ જાય છે. બજારો પણ વહેલા બંધ થઈ જાય છે. વહેલી સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓ અને ઝુંપડ પટ્ટીમાં રહેલા ગરીબો ઠંડીમાં સૌથી વધુ હેરાન થયા હતા.

છેલ્લા કેટલાક વર્ષોથી લઘુત્તમ તાપમાનમાં ગાંધીનગર સમગ્ર રાજ્યમાં પ્રથમ કે બીજા ક્રમે રહે છે. શુક્રવારે પણ ગાંધીનગર ૧૦.૨ ડિ.સે. લઘુત્તમ તાપમાન રાજ્યનું સૌથી વધુ ઠંડુ શહેર રહ્યું હતું.

ઉમિયા માતાજીના મંદિરના દશાબ્દી મહોત્સવ અને સમાજ ભવનના ઉદ્‌ગાટન સમારોહ શુક્રવારે સવારે યોજાયો હતો. ગાંધીનગર કડવા પાટીદાર સમાચર સંચાલિત સમાજ ભવનનું ઉદ્‌ઘાટન પૂ. સ્વામી સચ્ચિદાનંદજીના વરદ્‌હસ્તે કરાયું હતું. આ પ્રસંગે દાતાઓનું સન્માન કરાયું હતું અને યજ્ઞવિધિ પણ યોજાઈ હતી. ગાંધીનગર કડવા પાટીદાર સમાજના હોદેદારો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

શહેરના નવા શૌચાલયો પણ ખંડેર બનવા તરફ : તાળાબંધી યથાવત

લાખોનો ખર્ચ માથે પડયો : તંત્રના પેટનું પાણી હલતું નથી

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા શૌચાલયોનો હજુ ઉપયોગ નથી થયો ત્યાં મરામત કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. વર્ષોના અંતે પણ શૌચાલયોની તાળાબંધી યથાવત છે. કોર્પોરેશન અને ગુડાનુ તંત્ર પણ શૌચાલયો લોકઉપયોગી બને તે માટે નિરસતા સેવી રહ્યુંછે.

શહેરમાં સ્થિત જૂના શૌચાલયો કંગાળ હાલતમાં છે. બિનઉપયોગી આ શૌચાલયો તોડી નાંખવાની વાત વિસરાઈ છે ત્યારે ગંદકીથી ખદબદતા આ શૌચાલયોમાં અનેક દુષણો પાંગરી રહ્યા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. શહેરમાં જાહેર શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ કરવા પાછળ લાખોનો ખર્ચ કરવામાં આવ્યો છે. અગાઉ માર્ગ મકાન વિભાગ દ્વારા ઘ-૨, સે-૭, સે-૨૮, ઘ-૫, સહીતના વિસ્તારમાં નવા શૌચાલયો બાંધવામાં આવ્યા હતા. પરંતુ વર્ષોના અંતે પણ નવા શૌચાલયો આમ નાગરિકો માટે ઉપયોગી નિવડયા નથી. જેના પરિણામે સરકારને લાખો રૂપિયાનો ખર્ચ માથે પડયો છે. બીજી તરફ જાહેર સ્થળોએ ગંદકીની સમસ્યા વધુ જટીલ બને છે. આ મામલે અગાઉ શહેર વસાહત મહામંડળની રજૂઆતના પગલે માહિતી આયોગે શૌચાલયોની જવાબદારી કોર્પોરેશનને સોંપવા આદેશ કરવામાં આવ્યો હતો. પરંતુ કોર્પોરેશન કક્ષાએથી પણ શૌચાલયની જવાબદારી ન સ્વીકારાતા ટોઈલેટ બ્લોકમાં હજુ તાળા વાગેલા જોવા મળે છે. બીજી તરફ ગુડા દ્વારા પણ શૌચાલયોની જવાબદારી લેવાના મામલે હાથ ઉંચા કરી દેવાતા સમસ્યા વધુ ગુંચવણમાં પડી છે. શહેરના આમ નાગરિકો પણ શૌચાલયોની તાળાબંધી દૂર કરવાની રજૂઆત કરીને થાકી ગયા છે.

સે. ૧માં રહેતા નિવૃત્ત આચાર્યના બંધ બંગલામાં ઘરફોડીયા ત્રાટક્યા

દાગીના તથા ડૉલર અને પાઉન્ડ મળીને રૂ. ૧.૫૬ લાખની મત્તા સાફ કરી ગયા

ગાંધીનગર, તા. ૧૩

શહેરના સેક્ટર-૧-સીમાં રહેતા રીટાયર્ડ પ્રીન્સિપાલ સત્યપ્રકાશસિંગ ગુમા તેમના પરિવાર સાથે ૪ દિવસ માટે દિલ્હી ગયા હતા. તે દરમ્યાનમાં તસ્કરોએ તેમના બંગલાને નિશાન બનાવીને બંગલાના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશીને સોના-ચાંદીના દાગીના તથા ડૉલર અને પાકિટ મળી કુલ રૂ. ૧.૫૬ લાખની મત્તા ચોરી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. નિવૃત્ત આચાર્યની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

પાટનગરના સેક્ટર-૧-સી પ્લોટ નં. ૨૬૬/બી ખાતે રહેતા નિવૃત્ત આચાર્ય સત્યપ્રકાશસિંગ ગુમા તેમના પરિવાર સામે ૬ ડિસેમ્બરે દિલ્હી ગયા હતા. ૯ ડિસેમ્બરે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે જોયું તો તેમના બંગલાના દરવાજાનું તાળુ તુટેલુ પડ્યું હતું. બંગલામાં જઈને જોયું તો સામાન અસ્તવ્યસ્ત પડ્યો હતો અને તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, સોનાના સિક્કા, ડૉલર તથા પાઉન્ડ મળીને કુલ રૂ. ૧,૫૬,૪૦૦ની મત્તા તસ્કરો સાફ કરી ગયા હતા. આ બનાવ અંગે સે. ૭ પોલીસમથકે ફરીયાદ નોંધાવતા સેક્ન્ડ પી.આઈ. જોસેફે ગુનો દાખલ કરીને ડૉગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમની મદદ લઈ ઘરફોડીયાઓ સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

જરૂરીયાતમંદ લોકોને મદદરૂપ થવા અપીલ કરાઈ

શહેરમાં કડકડતી ઠંડીનું પ્રમાણ જેમ જેમ વધી રહ્યું છે ત્યારે શહેરની અનેક સેવાભાવી સંસ્થાઓદ્વારા શહેરમાં રહેતા શ્રમજીવીઓ અને જરૂરીયાતમંદ લોકોની સેવા કરવામાં આવી રહી છે ત્યારે આવી જ સેવા કડી વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓદ્વારા કરવામાંઆવી રહી છે. વિદ્યાર્થીઓ દ્વારા શહેરની જનતાને અપીલ કરવામાં આવી છે કે પોતાના જુના પહેરવાલાયક ગરમ કપડાં શનિવાર અને રવિવારે ચસ્કો ફાસ્ટફુડ ઘ-૫ ફુડ કોર્ટ સાંજે ૫ થી ૧૦ કલાક દરમિયાન સ્વીકારવામાં આવશે. તેમજ વધુ માહિતી કૃણાલ પ્રજાપતિ ૯૯૨૪૬ ૧૮૯૭૭ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

ઈન્ફોસિટી ખાતે ત્રણ હોટલોમાં એસઓજીની ટીમના દરોડા

સીસી ટીવી કેમેરા લગાડ્યા ન હોવાથી ત્રણેયના માલીકો સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧૩

હોટલ, ગેસ્ટહાઉસ, પેટ્રોલપંપ તથા સોપીંગ સેન્ટર્સ સહીતના તમામ ખાનગી એકમો પર સીસી ટીવી કેમેરા લગાડવા ફરજીયાત કરતુ જાહેરનામુ જિલ્લા કલેક્ટર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે તેમ છતાં ઈન્ફોસીટીની કેટલીક હોટલોમાં હજુ પણ કેમેરા લગાવ્યાં ન હોવાનું એસઓજીને ધ્યાને આવતા આજે ત્રણ હોટલોમાં દરોડા પાડી ચેકીંગ કર્યુંહતું. ત્રણેય હોટલોમાં કેમેરા ન હોવાનું ધ્યાને આવતા એસઓજીએ ત્રણેયના માલીકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમના જમાદાર ગૌતમભાઈ, જયંતિભાઈ, સિરાજખાન, પૂનમભાઈ સહિતના માણસોએ દરોડા પાડ્યા હતા. ઈન્ફોસીટીની કચ્છી કીંગ ભોજનાલય, શ્રીજી ભોજનાલય અને રાજ ભોજનાલયમાં સીસી ટીવી કેમેરા લગાડેલા ન હોવાનું ધ્યાનમાં આવતા ત્રણેયના માલીક એટલે કે કચ્છી કીંગ ભોજનાલયના યોગેશ કનુભાઈ પટેલ, શ્રીજી ભોજનાલયના ભાયમાલ અમરસિંહ પટેલ અને રાજ ભોજનાલયના પંકજ રમેશ શાહ ત્રણેય માલીકો સામે જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગ કરવા બદલ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સ્કૂલવર્ધીવાળા તમામ ડ્રાઈવરોનું દર વર્ષે મેડીકલ ચેક અપ ફરજીયાત

ડીએસપીએ બેઠક બોલાવી વાલીઓ, શાળા સંચાલકો અને ડ્રાઈવરોને જરૂરી સુચનાઓ આપી

ગાંધીનગર, તા.૧૩

સ્કુલ વર્ધી મારતા વાહનોના ચાલકો દ્વારા રાખવમાં આવતી બેદરકારીને પગલે વધી ગયેલા માર્ગ અકસ્માતોને નિયંત્રીત કરવા માટે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક અસરથી ડ્રાઈવરો તથા શાળા સંચાલકો સાથે બેઠક બોલાવી જરુરી સુચનાઓ આપી ખાસ તકેદારી રાખવા આદેશ કર્યા હતા. તે ઉપરાંત ગતિ મર્યાદાથી માંડીને ડ્રાઈવરોને નિયમિત વાર્ષિક મેડીકલ ચેક અપ કરાવવા પણ સૂચન કર્યું હતું.

ગાંધીનગર ડીએસપી કચેરી ખાતે આજે બપોરે યોજાયેલી આ બેઠકમાં શાળાના આચાર્ય સંચાલકો ઉપરાંત સ્કુલ વર્ધી મારતા ડ્રાઈવર્સ, વાલીઓ અને આરટીઓ કચેરી અને શિક્ષણ કચેરીનાં પ્રતિનિધિ હાજર રહ્યા હતાં. ડીએસપી શરદ સિંઘલે આ બેઠકમાં વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખીને જરુરી સૂચનો કર્યા હતા. જેમાં શાળાના એન્ટ્રી પોઈન્ટ પર સીસીટીવી કેમેરા રાખવા, ડ્રાઈવર્સની ડીટેઈલ રાખવી, બાળકો તેમના ડ્રાઈવરોની ફરિયાદ કરી શકે તેવું નોટીસ બોર્ડ રાખવું અને તેને આધારે જરુરી પગલાં ડ્રાઈવર સામે લેવા, ડ્રાઈવર્સએ દર વર્ષે નિયમિત ફરજીયાત મેડીકલ ચેક અપ કરાવવું, ગાડીમાં ફર્સ્ટ એડ કીટ તથા ફાયર એસ્ટીંગ્યુઝર રાખવું તથા ગતિ મર્યાદાનું ખાસ પાલન કરવું જેવી સુચનાઓ આપી ૧૦ દિવસની મુદત આપવામાં આવી છે. ત્યાર બાદ ચેકીંગ દરમિયાન કોઈ ખામી જણાશે તો કડક પગલાં લેવામાં આવશે તેમ એસપીએ જણાવ્યું હતું.

કોલવડામાં પૂ. દ્વારકાદાસજી બાપુની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા

ગાંધીનગરના સિમાડે આવેલા કોલવડા ખાતે ગોરા હનુમાનજી મંદિરે પૂ. દ્વારકાદાસજી બાપુની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા તા. ૧૫મી ડિસેમ્બર રવિવારે કરવામાં આવનારી છે. આ કાર્યક્રમમાં કોલવડાની આજુબાજુના વિસ્તાર તેમજ ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને પધારવા આમંત્રણ આપવામાં આવેલ છે.

ગાંધીનગરના વિસનગરા નાગર પરિવારોના ૨૦મા સ્નેહમિલન સમારંભનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં વસતા વિસનગરા નાગર પરિવારોનો ૨૦મો સ્નેહમિલન તથા પારિતોષિક વિતરણ સમારંભ તા. ૨૨મી ડિસેમ્બર રવિવારે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ કલાકે સે. ૧૭ની ઈજનેરી સ્ટાફ ટ્રેનિંગ કોલેજના હોલમાં રાખવામાં આવેલ છે. પારિતોષિક વિતરણ સમારોહમાં વિસનગરા નાગર પરિવારોના સંતાનોના ગુણપત્રકને આધારે પ્રોત્સાહક ઈનામો એનાયત કરવામાં આવનાર છે. આ ઉપરાંત આ સમારોહમાં ૭૫ વર્ષ પુરા કરનાર વડીલોને અને વિશિષ્ટ સિદ્ધિ મેળવી હોય તેવા સભ્યોને સન્માનવાનું પણ આયોજન કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં 'રન ફોર યુનિટી'નો રૂટ

૧૫મી ડિસેમ્બરના રોજ ઘ-૩ થી ઘ-૫ તથા ચ-૩ થી ચ-૫ સુધીના માર્ગ પર વાહનોની અવર-જવર માટે પ્રતિબંધ : ઘ-૩, ઘ-૫, ચ-૩ અને ચ-૫ સર્કલ બાજુથી 'રન ફોર યુનિટી'માં ભાગ લેવા આવતા વાહનચાલકોને જ માત્ર પ્રવેશ

ગાંધીનગર, તા. ૧૩

ગાંદ્યીનગર શહેરમાં રન ફોર યુનિટીનો કાર્યક્રમ તા. ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ સવારના ૮.૦૦ કલાકે યોજાનાર છે. જે અંતર્ગત ગાંદ્યીનગરના હાર્દસમા ઘ માર્ગ પર ઘ-૩ થી ઘ-૫ અને ચ માર્ગ પર ચ-૩ થી ચ-૫ પર વાહનોની અવરજવર માટે સવારના ૬.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમ્યાન બંધ કરવામાં આવશે. રન ફોર યુનિટિમાં ભાગ લેવા આવતા નગરજનો માટે વાહન પાર્કિંગની વ્યવસ્થા હેલીપેડના ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા પદાર્નાર મહાનુભાવો અને વી.આઈ.પીઓના વાહનોનું પાર્કિંગ નવા સચિવાલયના ગેટ નંબર - ૭ પાસેના ખુલ્લા ગ્રાઉન્ડમાં કરવામાં આવી છે.

આ અંગે ગાંદ્યીનગર જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે બહાર પાડેલ જાહેરનામામાં જણાવ્યું છે કે, ગાંદ્યીનગરના આંગણે તા.૧૫મી ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ રન ફોર યુનિટીનો કાર્યક્રમ યોજાનાર છે. રન ફોર યુનિટીની રેલીનો આરંભ વિદ્યાનસભા સામે આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની -તિમાથી થનાર છે. આ રેલી સેન્ટ્રલ વિસ્ટાના માર્ગ પરથી ઘ-૪ સર્કલ બાજુ જશે. ત્યાંથી આ રેલી ગાંદ્યીનગર કલ્ચરલ ફોરમના ગરબાવાળા મેદાને જશે. જેમાં હજારોની સંખ્યામાં નગરજનો જોડાવવાના હોવાથી આ દિને સવારના ૬.૩૦ થી ૧૧.૩૦ સુધી ઘ અને ચ માર્ગ પર ટ્રાફિક વ્યવસ્થાનું નિયમન કરવા માટે ઘ-૩ થી ઘ-૫ અને ચ-૩ થી ચ-૫ સુધીના માર્ગ પર વાહનોની અવર જવર પર -તિબંધ ફરમાવવામાં આવ્યો છે.

ચ-૩ સર્કલ બાજુથી રન ફોર યુનિટિના કાર્યક્રમમાં ભાગ લેવા આવતા લોકોના વાહનોને જ આગળ આવવા દેવામાં આવશે. ચ-૩ સર્કલ બાજુથી આવતા વાહનોને બી.એસ.એન.એલ કચેરીની પાસેના વળાંક આગળથી બેંક ઓફ બરોડા, ઉદ્યોગ ભવન થઈ ઘ-૪ સર્કલ પાસેથી ટાઉન હોલ તરફ જતા માર્ગ પર થઈ હેલીપેડ ખાતેના વાહન પાર્કિંગના સ્થળે જવાનું રહેશે. જયારે આ કાર્યક્રમમાં ભાગ લેવા ચ-૫ સર્કલ બાજુથી આવતા લોકોના વાહનોને જિલ્લા પંચાયત, ગાંદ્યીનગર સુદ્યી આવવા દેવામાં આવશે. તે પછી આ વાહનોએ સેકટર-૧૭ હનુમાનજી મંદિર વાળા રોડ પર થઈ ઘ- ૪ ૧/૨ થી ઘ-૪ થઈ ટાઉનહોલ જવાના રોડ પર થઈ હેલીપેડ ખાતેના પાર્કિંગ સ્થળે જવાનું રહેશે.

ઘ-૩ સર્કલ બાજુ થઈ વાહન લઈ રન ફોર યુનિટીમાં ભાગ લેવા આવતા લોકોને ઘ-૩ સર્કલથી આગળ -વેશ આપવામાં આવશે. ઘ-૩ સર્કલ બાજુથી આવતા વાહનોએ ઘ-૪ સર્કલ પાસેથી ટાઉનહોલ જવાના માર્ગ પર થઈ હેલીપેડ ખાતેના પાર્કિંગ સ્થળે જવાનું રહેશે. તેમજ ઘ-૫ સર્કલ બાજુથી આ કાર્યક્રમમાં ભાગ લેવા આવતા લોકોને જ -વેશ આપવામાં આવશે. આ વાહન ચાલકોએ પોતાનું વાહન ઘ-૪ સર્કલથી ટાઉનહોલ બાજુના માર્ગ પર થઈ હેલીપેડ ખાતેના પાર્કિંગ સ્થળે જવાનું રહેશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦
સૂર્યાસ્ત : ૬.૧૩

તાપમાન

મહત્તમ : ૩૦.૬ ડિ.સે.
લઘુત્તમ : ૧૦.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૪૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
૫ હોબીટ(અંગ્રેજી) :૯.૧૦,૧૨.૨૫,૩.૪૦,૬.૫૫,૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
જૅકપોટ : ૯.૨૫, ૧.૫૦, ૬.૧૫,૧૦.૪૦
વૉટ ૫ ફીશ : ૧૧.૩૦, ૩.૫૫, ૮.૨૦
: સ્ક્રીન-૩ :
રામલીલા : ૧૦.૪૦, ૪.૪૦, ૭.૪૦
આર. રાજકુમાર : ૧.૪૦, ૧૦.૪૦
: સ્ક્રીન-૪ :
આર. રાજકુમાર : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
આર. રાજકુમાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જૅકપોટ : ૧૦.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લકી કબૂતર : ૧.૧૫, ૧૦.૩૦
રામ લીલા : ૪.૧૫
હેપ્પી ફેમીલી પ્રા.લિ. (ગુજરાતી) : ૭.૧૫

મૂર્તા, વાવોલ

આર. રાજકુમાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
આર. કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જૅકપોટ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
લકી કબૂતરા : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
રામલીલા : ૧.૦૦, ૭.૦૦

સિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- સૌરાષ્ટ્ર બાજખેડાવાળા બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સાંજે ૬.૦૦ કલાકે

ટાઉન હોલ

- સર્વોદય આરોગ્ય મંડળ દ્વારા કાર્યક્રમ રાત્રે ૯.૧૫ કલાકે

આપની આજ

મેષ : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

વૃષભ : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

મિથુન : આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

કર્ક : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

કન્યા : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

તુલા : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

વૃશ્ચિક : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

ધન : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

મકર : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારુંવાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

ચિરવિદાય

- સ્વ. દ્વારકાપ્રસાદ બોખારીપ્રસાદ તિવારી(ઉ.વ. ૬૫)મુ.પો. હાલીસા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. મધુબેન રામાભાઈ પરમાર(ઉ.વ. ૫૦)મુ.પો. માણેકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. કનુભાઈ ચંદુલાલ મોદી(ઉ.વ. ૬૫)પ્લોટ નં. ૫૧૫/૨, સેકટર-૬/બી, ગાંધીનગર.